**MBO-5273** Seat No. ________

# B. Com. (Sem. I) Examination

**January - 2023**

## CC-101 : Economics

***(Fundamentals of Business Economics-1)***

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(2) જરૂર જણાય ત્યાં આકૃતિનો ઉપયોગ કરો.

(3) પ્રશ્નના ગુણ જમણી બાજુ દર્શાવ્યા છે.

1 (અ) ભાવતંત્ર એટલે શું? ભાવતંત્રની કામગીરી વિગતે સમજાવો. **14**

**અથવા**

(અ) ટૂંક નોંધ લખો :

(1) મૂળભૂત આર્થિક સમસ્યાઓ **7**

(2) બજારતંત્રની મર્યાદાઓ **7**

(બ) નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો : **4**

(1) ભાવતંત્ર આર્થિક પ્રવૃત્તિઓને સુસંકલિત કરતી વ્યાપક વ્યવસ્થા છે. આ વિધાન કોનું છે?

(અ) કાર્લ માર્ક્સ

(બ) શ્રીમતી જ્હોન રોબિન્સન

(ક) વોલરાસ

(ડ) સેમ્યુલસન

(2) અછતની સમસ્યા કયા અર્થતંત્રમાં જોવા મળે છે?

(અ) સમાજવાદી અર્થતંત્ર

(બ) મૂડીવાદી અર્થતંત્ર

(ક) મિશ્ર અર્થતંત્ર

(ડ) ઉપરના બધા જ

(3) ઉત્પાદન શક્યતા રેખા એટલે શું?
   (અ) વેચાણ રેખા
   (બ) પુરવઠા રેખા
   (ક) રૂપાંતર રેખા
   (ડ) ખર્ચ રેખા

(4) બજાર કિંમત કયો પરિબળો દ્વારા નક્કી થાય છે?
   (અ) માંગ
   (બ) પુરવઠો
   (ક) માંગ-પુરવઠો
   (ડ) ઉપરનામાંથી એક પણ નહીં

2 (અ) માંગની આવક સાપેક્ષતાનો અર્થ અને તેના પ્રકારો સમજાવો. 14

**અથવા**

(અ) ટૂંક નોંધ લખો.
   (1) માંગની પ્રતિ-મૂલ્ય સાપેક્ષતાના પ્રકારો 7
   (2) માંગની મૂલ્ય સાપેક્ષતાને અસર કરતાં પરિબળો 7

(બ) નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો. 3
   (1) જો માંગ મૂલ્ય સાપેક્ષ હોય તો મૂલ્ય સાપેક્ષતાનો આંક કેવા પ્રકારનો હોય છે?
      (અ) અનંત (બ) એકમથી વધુ
      (ક) એકમથી ઓછો (ડ) શૂન્ય
   (2) હકારાત્મક પ્રતિ મૂલ્ય સાપેક્ષતાની રેખા કેવી હોય છે?
      (અ) ઋણ ઢાળ
      (બ) ધન ઢાળ
      (ક) ઊભી ધરીને સમાંતર
      (ડ) આડી ધરીને સમાંતર
   (3) હલકા પ્રકારની વસ્તુઓ સંદર્ભે માંગની આવક સાપેક્ષતા કેવી હોય છે ?
      (અ) હકારાત્મક (બ) નકારાત્મક
      (ક) શૂન્ય (ડ) એક પણ નહીં

3 (અ) બિનપ્રમાણસર ઉત્પાદનનો નિયમ ઉદાહરણ તથા આકૃતિ સાથે સમજાવો. 14

**અથવા**

(અ) ટૂંક નોંધ લખો.

(1) સમઉત્પાદન રેખાનાં લક્ષણો. 7

(2) ઉદ્યોગમાં કદવિકાસના લાભાલાભ 7

(બ) નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો : 4

(1) આંતરિક કરકસર એટલે -

(અ) એકમ વિકાસના લાભ

(બ) ઉદ્યોગ વિકાસના લાભ

(ક) આંતરિક વેપારના લાભ

(ડ) આર્થિક વિકાસના લાભ

(2) સમઉત્પાદન રેખાનો ઢાળ

(અ) ઋણ

(બ) ધન

(ક) ઊભી ધરીને સમાંતર

(ડ) આડી ધરીને સમાંતર

(3) ઘટતી પેદાશનો નિયમ કયા ક્ષેત્રને લાગુ પડે છે?

(અ) કૃષિ ક્ષેત્ર (બ) ઉદ્યોગ ક્ષેત્ર

(ક) સેવા ક્ષેત્ર (ડ) ઉપરના બધા જ

(4) અર્થતંત્રમાં લાંબો ગાળો એટલે એવો ગાળો જેમાં ______

(અ) બધા સાધનો સ્થિર હોય છે.

(બ) બધા સાધનો અસ્થિર હોય છે.

(ક) ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે.

(ડ) ઉપરના બધા જ

4 (અ) સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચના ખ્યાલો આકૃતિ દોરી સમજાવો તથા તેના સંબંધોની ચર્ચા કરો. 14

અથવા

(અ) ટૂંક નોંધ લખો :

(1) ખાનગી ખર્ચ અને સામાજિક ખર્ચના ખ્યાલો 7

(2) ખર્ચનો આધુનિક અભિગમ 7

(બ) નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો : 3

(1) સીમાંત ખર્ચ કોને કહેવામાં આવે છે?

(અ) પહેલા એકમનો ખર્ચ

(બ) મધ્યમ એકમનો ખર્ચ

(ક) વધારાના એકમનો ખર્ચ

(ડ) છેલ્લા એકમનો ખર્ચ

(2) કુલ ખર્ચ ÷ કુલ ઉત્પાદન

(અ) સીમાંત ખર્ચ

(બ) સરેરાશ સ્થિર ખર્ચ

(ક) સરેરાશ અસ્થિર ખર્ચ

(ડ) સરેરાશ ખર્ચ

(3) ઉત્પાદન શૂન્ય હોય ત્યારે કયું ખર્ચ શૂન્ય હોય છે?

(અ) કુલ ખર્ચ (બ) સ્થિર ખર્ચ

(ક) અસ્થિર ખર્ચ (ડ) સરેરાશ ખર્ચ

**MBO-5274** Seat No. ________

# B. Com. (Sem. I) Examination

**January – 2023**

## Human Resource Management : Paper–CC–102
## (માનવ સંસાધન સંચાલન)

***(Old / New Course)***

Time : **2.30** Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(2) જવાબ મુદ્દાસર અને માંગ્યા મુજબ આપો.

1 (અ) માનવ સંસાધન સંચાલનનો અર્થ જણાવી તેનું કાર્યક્ષેત્ર સમજાવો. 7

(બ) માનવ સંસાધન સંચાલકની ભૂમિકા જણાવો. 7

**અથવા**

(અ) માનવ સંસાધન સંચાલનના હેતુઓ સવિસ્તર સમજાવો. 7

(બ) માનવ સંસાધન મેનેજરના ગુણો જણાવો. 7

(ક) માનવ સંસાધન સંચાલન અને કર્મચારી સંચાલન વચ્ચેનો તફાવત ટૂંકમાં સમજાવો. 4

2 (અ) કર્મચારી પસંદગીની વિધિ અને તેનું મહત્ત્વ સવિસ્તર સમજાવો. 14

**અથવા**

(અ) તાલીમની પ્રક્રિયાના તબક્કા સમજાવી ઔદ્યોગિકક્ષેત્રે તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો. 14

(બ) માનવ સંસાધન આયોજનના હેતુઓ ટૂંકમાં લખો. 3

3 (અ) બદલી માટેના માર્ગદર્શક સિદ્ધાંતો સમજાવો. 7

(બ) બઢતીનો અર્થ સમજાવી બઢતીના કારણો જણાવો. 7

**અથવા**

(અ) ''કાર્ય મૂલ્યાંકન કર્યું હોવા છતાંય બઢતી માટે કામગીરી મૂલ્યાંકન જરૂરી છે'' આ વિધાનના સંદર્ભમાં તેનું મહત્વ સમજાવો. 7

(બ) અપકર્ષ અંગે માર્ગદર્શક સૂચનો સમજાવો. 7

(ક) ઔદ્યોગિક જુસ્સાનું મહત્ત્વ સમજાવો. 4

4 (અ) કાર્ય ફેરબદલી પર નોંધ લખો. 7

(બ) કાર્ય જીવનની ગુણવત્તા સુધારવાના માર્ગદર્શક સિદ્ધાંતો સમજાવો. 7

**અથવા**

(અ) ગુણવત્તા વર્તુળનો અર્થ સમજાવી ગુણવત્તા વર્તુળના ઉદ્દેશો સવિસ્તર સમજાવો. 14

(બ) કાર્ય વિસ્તૃતિકરણ એટલે શું ? સમજાવો. 3

## ENGLISH VERSION

**Instructions :** (1) Figures to the right indicate marks of the question.

(2) Answers should be precise and to the point.

1 (a) Define Human Resource Management with its functions. 7

(b) Describe role of Human Resource Manager. 7

**OR**

(a) Explain objectives of Human Resource Management in detail. 7

(b) Discuss qualities of Human Resource Manger. 7

(c) Differentiate between Human Resource Management and Personnel Management in short. 4

2 (a) Discuss employee selection process and importance of it in detail. 14

**OR**

(a) Explain stages of training process and advantages of it in detail. 14

(b) Write objectives of Human Resource Planning in short. 3

3 (a) Explain guiding principles for transfer. 7

(b) Define Promotion. Explain causes of Promotion. 7

**OR**

(a) "Performance Appraisal in necessary for promotion even though the job evaluation is done" – Explain its significance in the context of this statement. 7

(b) Explain guiding principles for Demotion. 7

(c) State the importance of Industrial Morale. 4

4 (a) Write a note on Job Rotation. 7

(b) Discuss guiding principles for improving Quality of work life. 7

**OR**

(b) Explain meaning of quality circle with objectives of quality circles in detail. 14

(c) What is Job enlargement ? Explain. 3

MBO-5263 Seat No.________

# B. Com. (Sem. I) Examination

**January - 2023**

## CC-103 : Accountancy-I

*(Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** જમણી બાજુના આંકડા પ્રશ્નોના ગુણ દર્શાવે છે.

1 (અ) (1) હિસાબોમાં કમ્પ્યૂટરની ઉપયોગિતા અને મર્યાદાઓ સ્પષ્ટ કરો. 7

(2) કમ્પ્યૂટરના મૂળભૂત અંગો સમજાવો. 7

**અથવા**

1 (અ) (1) હિસાબી માહિતીની પદ્ધતિ અને સંચાલકીય માહિતીની પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. 7

(2) Tallyમાં ખરીદ અને વેચાણના વ્યવહારોની નોંધ સમજાવો. 7

(બ) યોગ્ય વિકલ્પની પસંદગી કરો : 4

(1) ટેલીમાં 7.2 વર્જનમાં નિમ્ન અહેવાલ મળતા ન હતા.

(A) પાકું સરવૈયું

(B) GST રિર્પોટ

(C) VAT રિર્પોટ

(D) ઉપરમાંથી એકેય નહીં

(2) ટેલીમાં આમનોંધ માટેની કી કઈ છે ?

(A) F5 (B) F7

(C) F6 (D) F8

(3) રોકડ ચૂકવણી ________ કી થી થાય છે.

(A) F5 (B) F6

(C) F7 (D) ઉપરમાંથી એક પણ નહિ

(4) GST રિપોર્ટ Tallyની ______ આવૃત્તિમાં નથી.

(A) Tally 7.2

(B) Tally ERP 9

(C) (A) અને (B) બંને

(D) ઉપરમાંથી એક પણ નહિ

2 (અ) રાજકોટના રાજીવે, પાટણના પરેશને તા. 1-4-2022ના રોજ 30 ટી.વી. સેટ દરેક રૂ. 40,000ની કિંમતના એક એવા દરેક રૂ. 50,000ની ભરતિયા કિંમતે આડતથી વેચવા માટે મોકલ્યા અને નીચે મુજબનો ખર્ચ ચૂકવ્યો : **14**

વીમા પ્રીમિયમ રૂ. 10,000, નૂર રૂ. 8,000 અને અન્ય ખર્ચા રૂ. 12,000.

પરેશ કુલ વેચાણ પર 5% કમિશન અને ઉધાર વેચાણ પર 2% લેખે આસામી આડત મેળવવા હકદાર છે.

પરેશે રૂ. 3,00,000ની ચાર માસની મુદતની રાજીવે લખેલી હૂંડી સ્વીકારી અને પરત કરી. રાજીવે તે હૂંડી તે જ દિવસે વાર્ષિક 12%ના દરે બેન્કમાં વટાવી.

રસ્તામાં અકસ્માત થવાથી 2 ટી.વી. સેટને ભારે નુકસાન થયું અને વીમા કંપનીએ રૂ. 68,640નો દાવો મંજૂર રાખ્યો. પરેશે માલ છોડાવવા માટે રૂ. 5,600 અને વેચાણ ખર્ચના રૂ. 9,700 ચૂકવ્યા.

તા. 31-10-22ના રોજ પરેશે મોકલેલ વેચાણ આંકડા મુજબ :

(i) 20 ટી.વી. સેટ દરેક રૂ. 60,000ના ભાવે રોકડેથી વેચ્યા.

(ii) 5 ટી.વી. સેટ દરેક રૂ. 64,000ના ભાવે ઉદયને ઉધાર વેચ્યા.

(iii) 2 ટી.વી. સેટ દરેક રૂ. 60,000ના ભાવે જિતેન્દ્રને, રાજીવની ભલામણ અને જવાબદારીથી વેચ્યા.

જિતેન્દ્ર નાદાર જાહેર થયો અને રિસીવર પાસેથી રૂપિયે 80 પૈસા લેખે મેળવી શકાયા. પરેશે તેની પાસેથી લેણી નીકળતી રકમનો બેન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. ઉપરોક્ત માહિતી પરથી રાજીવના ચોપડે આડતમાલ ખાતું અને પરેશનું ખાતું તૈયાર કરો.

**અથવા**

2 (અ) (1) આડતમાલના હિસાબોમાં સામાન્ય નુકસાન અને અસામાન્ય નુકસાન. 7

(2) આડતમાલના છેવટના સ્ટોકનું મૂલ્યાંકન 7

(બ) યોગ્ય વિકલ્પની પસંદગી કરો : 3

(1) આડતમાલના હિસાબોમાં ઉદભવતું અસામાન્ય નુકસાન કયા ખાતે ઉધારાય છે ?

(A) આડતિયા ખાતે

(B) આડતમાલ ખાતે

(C) નફા-નુકસાન ખાતે

(D) માલધણી ખાતે

(2) આસામી આડત :

(A) કુલ વેચાણ પર ગણાય

(B) ફક્ત ઉધાર વેચાણ પર ગણાય

(C) ફક્ત રોકડ વેચાણ પર ગણાય

(D) મોકલેલ કુલ માલ પર ગણાય

(3) આડતમાલના ધંધામાં રૂ. 35,000ની કિંમતનું અસામાન્ય નુકસાન થયું. જેનો વીમા કંપનીએ 40% રકમનો દાવો મંજૂર કરેલ છે. આડતમાલ ખાતે કેટલી રકમ જમા થશે ?

(A) રૂ. 14,000

(B) રૂ. 21,000

(C) રૂ. 17,500

(D) રૂ. 35,000

3 (અ) આરાધના સ્ટોર્સની એક શાખા વાંકાનેરમાં છે. જે શાખાને મૂળ કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તથા ઉધાર વેચાણ કરે છે. શાખાને મળતી રોકડ દરરોજ મુખ્ય ઓફિસને મોકલે છે. શાખાના ખર્ચ મુખ્ય ઓફિસ ચૂકવે છે. નીચેની માહિતી પરથી શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું, શાખાનું નફા-નુકસાન ખાતું તથા અન્ય જરૂરી ખાતા તૈયાર કરો. 14

| | |
|---|---|
| **તા. 1-1-2021ની બાકીઓ** | **રૂ.** |
| સ્ટોક | 40,000 |
| દેવાદારો | 10,000 |
| ફર્નિચર | 1,00,000 |
| પેટા રોકડ | 1,000 |
| **તા. 31-12-2021ની બાકીઓ :** | |
| સ્ટોક | 14,000 |
| પેટા રોકડ | 400 |
| **વર્ષ દરમિયાનના વ્યવહારો :** | |
| શાખાને મોકલેલ માલ | 6,40,000 |
| શાખાએ પરત કરેલ માલ | 40,000 |
| દેવાદારોએ પરત કરેલ માલ | 10,000 |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | 1,60,000 |
| ઉધાર વેચાણ | 4,00,000 |
| રોકડ વેચાણ | 6,80,000 |
| દેવાદારોને આપેલ વટાવ | 1,000 |
| માંડી વાળેલ ઘાલખાધ | 800 |
| **શાખાના ખર્ચા :** | |
| ભાડું | 8,000 |
| પગાર | 24,000 |
| જાહેરાત ખર્ચ | 6,000 |
| મોકલેલ પેટા રોકડ | 1,400 |
| આગથી નાશ પામેલ માલ | 2,400 |

ફર્નિચર પર 20% ઘસારો ગણવો.

**અથવા**

3 (અ) (1) સ્વતંત્ર શાખા અને પરતંત્ર શાખા. 7

(2) માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ. 7

(બ) યોગ્ય વિકલ્પની પસંદગી કરો : 4

(1) શાખા મુખ્ય ઓફિસ વતીથી ખર્ચા ચૂકવે તો શાખાના ચોપડે -

(A) મુખ્ય ઓફિસનું ખાતુ ઉધારાશે.

(B) ખર્ચ ખાતું ઉધાર થશે

(C) બંનેમાંથી એક પણ ખાતું ઉધાર થશે નહીં

(D) શાખા ખાતે ઉધાર થશે

(2) પરતંત્ર શાખામાં સ્વતંત્ર શાખાની સરખામણીએ સત્તાનું વિકેન્દ્રીકરણ-

(A) ઓછું હોય છે.

(B) વધુ હોય છે.

(C) સમાન હોય છે.

(D) એક પણ નહિ.

(3) મુખ્ય ઓફિસ તેની શાખાને મૂળ કિંમત પર 25% ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. તેથી નફો ભરતિયા કિંમતના _____ થાય ?

(A) 20% (B) 25%

(C) 30% (D) 40%

(4) મુખ્ય ઓફિસે મોકલેલ પણ શાખાને હિસાબી વર્ષ પૂરું થતા સુધીમાં નહીં મળેલ માલ, માર્ગસ્થ માલ ખાતે ઉધારી, કોના ખાતે જમા થશે ?

(A) રોકડ ખાતે

(B) વેપાર ખાતે

(C) મુખ્ય ઓફિસ ખાતે

(D) શાખા ખાતે

4 નીચેની માહિતી પરથી પારિણામિક નુકસાનની ગણતરી કરો અને કુલ દાવાનું પત્રક બનાવો. 14

આગ લાગ્યા તારીખ ........................................ 1-4-2021

બાંયધરી સમયનો ગાળો ........................................ 6 માસ

ધંધો અસ્તવ્યસ્ત થવાનો સમય ........................................ 4 માસ

વીમા પોલિસીની રકમ ........................................ રૂ. 31,500

છેલ્લા નાણાકીય વર્ષનો ચોખ્ખો નફો ........................................ રૂ. 22,000

છેલ્લા નાણાકીય વર્ષના સ્થિર ખર્ચા ........................................ રૂ. 62,000

| **વેચાણ** | **રૂ.** |
|---|---|
| 1-1-21 થી 1-4-21 | 1,00,000 |
| 1-1-20 થી 31-3-20 | 1,50,000 |
| 1-4-21 થી 31-7-21 | 25,000 |
| 1-8-21 થી 30-9-21 | 20,000 |
| 1-8-20 થી 31-12-20 | 50,000 |
| 1-4-20 થી 31-7-20 | 2,00,000 |

2020ના વર્ષની સરખામણીમાં 2021ના વર્ષમાં વેચાણમાં 10% ઘટાડો થશે અને 2020ના વર્ષની સરખામણીમાં 2021ના વર્ષમાં વેચાણ પરના નફાના દરમાં 2% ઘટાડો થશે. આગ બુઝાવવાનો ખર્ચ રૂ. 2,000 થયો.

**અથવા**

4 (અ) (1) વીમો ઉતરાવેલ માલનો સ્ટોક આગથી બળી જાય ત્યારે વીમા કંપની સમક્ષ દાવો રજૂ કરવા માટે બળી ગયેલ માલની કિંમત કેવી રીતે શોધવામાં આવે છે ? ઉદાહરણ સાથે સમજાવો. 7

(2) આગના દાવાના હિસાબોમાં ''પ્રમાણિત વેચાણ'' એટલે શું ? તેની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે તે વિગતે સમજાવો. 7

(બ) યોગ્ય વિકલ્પની પસંદગી કરો : 3

(1) વીમાધારક વેપારી અને વીમા કંપની વચ્ચેનો વીમા કરાર એ ______ માટે છે.

(A) ધંધો બંધ કરવા

(B) નવો ધંધો શરૂ કરવા

(C) ધંધાની પુનઃરચના

(D) થયેલ નુકસાનની ભરપાઈ કરવા

(2) નફાના નુકસાનની પોલિસીમાં સરેરાશ કલમ રક્ષણ પૂરું પાડે છે.

(A) વીમો લેનારને

(B) વીમો ઉતારનારને

(C) કામદારને

(D) બધાને

(3) આગના વીમાની પારિણામિક નુકસાન પોલિસી ______ સામે રક્ષણ આપે છે.

(A) માલના નુકસાન

(B) નફાના નુકસાન

(C) મિલકતના નુકસાન

(D) અંદાજીત નુકસાન

HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY

# B. Com. English : Sem I Examination

(November – December 2022)

## Paper : CC- 104 (New Course)

## Communication in Business

Time: 2.30 Hr Total Marks : 70

Q.1 (A) Justify the appropriateness of the title of the story *The Happy Prince*. (18)

OR

(B) Bring out the central theme of Lincoln's *Letter to John D Johnston*.

Q.2 (A) Fill in the blanks with appropriate *Article* provided in the brackets. (06)

1. She has _____ Alsatian dog. (a, an, the)
2. He is _____ humble boy. (a, an, the)
3. He earns thirty thousand _____ year. (a, an, the)
4. _____ earth revolves around the Sun. (a, an, the)
5. _____ rich should help the poor. (a, an, the)
6. I gave him _____ one rupee coin. (a, an, the)

(B) Fill in the blanks with appropriate *Pronouns* provided in the brackets. (06)

1. We know _____ well. (she / her / his)
2. Amit is as tall as _____. (me / I / my)
3. I enjoyed _____. (ourselves / myself / themselves)
4. Nobody but _____ was present. (he / him / his)
5. Behave _____. (yourselves / yourself / you)
6. A friend gave _____ the camera. (him / his / he)

(C) Identify the appropriate underlined *nouns* and write the *kind of nouns* from the options provided in the brackets. (05)

1. Gandhinagar is the capital of Gujarat. (proper noun / collective noun / material noun)
2. Teacher teaches the students well. (proper noun / collective noun / common noun)
3. A team of players preformed well in the national games. (proper noun / collective noun / common noun)
4. Taj Mahal is made of white marble. (abstract noun / common noun / material noun)
5. Love is the most powerful force in life. (material noun / abstract noun / common noun)

Q.3 (A) Explain the concept of *Communication* and discuss in detail the various forms of communication. (18)

OR

(B) Define communication and explain the main objectives of communication.

Q.4 (A) Substantiate in detail the regular parts of a business letter. (17)

OR

(B) Explain in detail any five C's of a business letter and its relevance.

MBO-5264 Seat No.________

# B. Com. (Sem. - I) Examination

**January - 2023**

## CC-104 : English

*(Communicatiion in Business) (Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

1 (a) What is communication ? Discuss importance of Communication in Business. **18**

**OR**

(b) Discuss Non-Verbal communication in detail.

2 (a) Write on difference between oral and written communication. **17**

**OR**

(b) Discuss any six objectives of communication.

3 (a) Explain in detail Physical and Psychological barriers. **18**

**OR**

(b) Discuss some important tips for facing the interview.

4 Make a precis of the following paragraph and give a suitable title. 10

Climate change refers to the change in the environmental conditions of the earth. This happens due to many internal and external factors. The climatic change has become a global concern over the last few decades. Besides, these climatic changes affect life on the earth in various ways. These climatic changes are having various impacts on the ecosystem and ecology. Due to these changes, a number of species of plants and animals have gone extinct.

The climate started changing a long time ago due to human activities but we came to know about it in the last century. During the last century, we started noticing the climatic change and its effect on human life. We started researching on climate change and came to know that the earth temperature is rising due to a phenomenon called the greenhouse effect. The warming up of earth surface causes many ozone depletion, affect our agriculture, water supply, transportation, and several other problems.

These climatic changes have a negative impact on the environment. The ocean level is rising, glaciers are melting, $CO_2$ in the air is increasing, forest and wildlife are declining, and water life is also getting disturbed due to climatic changes. Apart from that, it is calculated that if this change keeps on going then many species of plants and animals will get extinct. And there will be a heavy loss to the environment. If we do not do anything and things continue to go on like right now then a day in future will come when humans will become extinct from the surface of the earth. But instead of neglecting these problems we start acting on then we can save the earth and our future.

5 Rewrite the sentences choosing the correct word from the bracket. 7

(1) We doubt your ______ in the matter. (roll, role)

(2) The class was _____ when the teacher entered. (quiet, quite)

(3) The students can't ______ the reference books. (access, excess)

(4) I bought the third ______ of the novel. (addition, edition)

(5) It has increased the ______ (coast, cost)

(6) Students wish to study _____ for better job prospects. (abroad, aborad)

(7) Mirrors give an _____ of depth.(allusion, illusion)

---

MBO-5280 Seat No. ______

B. Com. (Sem. I) Examination

January - 2023

Financial Accounting - I : CE - 101 - A

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

1 (અ) અ, બ અને ક અનુક્રમે 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2022ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે : 14

| મૂડી-દેવાં | | ₹ | મિલકત-લેણાં | ₹ |
|---|---|---|---|---|
| મૂડી : | | | જમીન-મકાન | 7,50,000 |
| અ | 3,60,000 | | ફર્નિચર | 1,25,000 |
| બ | 2,30,000 | | રોકાણો | 25,000 |
| ક | 1,90,000 | 7,80,000 | માલસ્ટૉક | 75,000 |
| 'અ'ની લોન | | 1,00,000 | દેવાદારો | 60,000 |
| બેંકલોન | | 1,50,000 | રોકડ-બેંક | 15,000 |
| લેણદારો | | 50,000 | નફા-નુકસાન ખાતું | 60,000 |
| દેવીહૂંડી | | 30,000 | | |
| | | 11,10,000 | | 11,10,000 |

તા. 31મી જુલાઈ 2022ના રોજ પાકે એવી ₹ 20,000ની એક લેણીહૂંડી બેંકમાં વટાવી હતી.

તા. 01-04-2022ના રોજ પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું. વિસર્જન ખર્ચ ₹ 20,000 અંદાજવામાં આવ્યો હતો. મિલકતોની હપતે હપતે મળેલ ઉપજ નીચે મુજબ હતી :

| તારીખ | ઊપજ ₹ |
|---|---|
| 30-04-2022 | 1,60,000 |
| 31-05-2022 | 87,000 |
| 30-06-2022 | 1,88,000 |
| 31-07-2022 | 5,92,000 |

ખરેખર વિસર્જન ખર્ચ ₹ 22,000 થયો. બેંકમાં વટાવેલી લેણી હૂંડીના નાણાં પાક્યા તારીખે સ્વીકારનારે ચૂકવી આપ્યા.

મૂડી વધારાની પદ્ધતિથી રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક બનાવો.

**અથવા**

(અ) એ અને બી 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. **14**

તા. 31-3-2022ના રોજ પેઢીનું વિસર્જન થયું તે દિવસનું પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| મૂડી-દેવા | ₹ | મિલકત-લેણા | ₹ |
|---|---|---|---|
| મૂડી ખાતાં : એ | 1,51,000 | જમીન-મકાન | 2,39,000 |
| બી | 1,03,000 | ફર્નિચર | 1,37,000 |
| અનામતો | 80,000 | માલસ્ટૉક | 21,000 |
| તારણવાળી લોન | 65,000 | દેવાદારો | 38,000 |
| લેણદારો | 30,000 | રોકડ સિલક | 12,000 |
| દેવીહૂંડી | 18,000 | | |
| | **4,47,000** | | **4,47,000** |

વિસર્જન ખર્ચ માટે ₹ 10,000ની રકમ અંદાજવામાં આવી હતી પરંતુ ખરેખર વિસર્જન ખર્ચ ₹ 8,000 થયો હતો, જે છેલ્લા હપતા વખતે ચૂકવ્યો હતો. લેણદારો 10% ઓછા લેવા તૈયાર થયા.

મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

| તારીખ | ₹ |
|---|---|
| 30મી એપ્રિલ 2022 | 42,500 |
| 31મી મે 2022 | 55,500 |
| 30મી જૂન 2022 | 1,98,000 |
| 31મી જુલાઈ 2022 | 1,54,000 |

મહત્તમ નુકસાનની પદ્ધતિ મુજબ રોકડની હપતે-હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરો : **3**

(1) રોકડની હપતે હપતે વહેંચણી કરતા ભાગીદારી પેઢીના પાકા-સરવૈયામાં દર્શાવેલ નફા-નુકસાન ખાતું ભાગીદારોને વચ્ચે ________.

(અ) સરખા પ્રમાણમાં વહેંચાય

(બ) મૂડીના પ્રમાણમાં વહેંચાય

(ક) નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચાય

(ડ) વહેંચાશે નહીં

(2) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે ચૂકવવાપાત્ર રકમનો સાચો ક્રમ ________ છે.

(અ) મૂડી - ભાગીદારની લોન - ગીરોલોન - લેણદારો

(બ) લેણદારો - ગીરોલોન - ભાગીદારની લોન - મૂડી

(ક) લેણદારો - ભાગીદારની લોન - ગીરોલોન - મૂડી

(ડ) ગીરોલોન - લેણદારો - ભાગીદારની લોન - મૂડી

(3) મૂડી પરિબળનો ઉપયોગ કઈ પદ્ધતિમાં થાય ?

(અ) મહત્તમ નુકસાનની પદ્ધતિમાં (બ) મૂડીવધારાની પદ્ધતિમાં

(ક) (અ) અને (બ) બંને પદ્ધતિમાં (ડ) કોઈપણ પદ્ધતિમાં નહીં

2 (અ) સુધીર લિ.એ ₹ 10ના એક એવા 1,20,000 ઈક્વિટી શેર ₹ 20ના પ્રીમિયમે બહાર પાડ્યા. શેરદીઠ રકમ નીચે મુજબ મંગાવી : **14**

અરજી સાથે .................. ₹ 2

મંજૂરી સાથે .................. ₹ 24 (પ્રીમિયમ સહિત)

પ્રથમ હપતા સાથે ............ ₹ 3

છેલ્લા હપતા સાથે ............... બાકીની રકમ

કંપનીને 4,50,000 અરજીઓ મળી, જે પૈકી 30,000 શેર માટેની અરજીઓ પૂરેપૂરી મંજૂર કરી, જ્યારે 20,000 શેર અરજીઓ પૂરેપૂરી નામંજૂર કરી અને બાકીના અરજદારોને પ્રમાણસર શેર મંજૂર કરવામાં આવ્યા. શેર અરજી સાથે મળેલ વધારાના નાણાં શેર મંજૂરી ખાતે જમા લીધા.

ધારા કે જેણે 2,000 શેર માટે અરજી કરી હતી તેને પ્રમાણસર ધોરણે શેર મંજૂર થયેલા, જેણે મંજૂરીના નાણાં ભર્યા નહીં તેથી તેના શેર પ્રથમ હપતા બાદ જપ્ત કર્યા.

જીનલ જેને 2,500 શેર મંજૂર થયેલા તેણે પ્રથમ હપતા સાથે છેલ્લો હપતો ભરી દીધો.

જપ્ત શેર પૈકી 80% શેર છેલ્લા હપતા બાદ શક્તિને શેરદીઠ ₹ 8ના ભાવે પૂર્ણ ભરાયેલા તરીકે આપ્યા જેના નાણાં મળી ગયા.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**અથવા**

(અ) હિમાંશુ એ પોતાનો ચાલુ ધંધો તા. 1-4-2021થી લઈ લેવા માટે ક્રિસાન લિમિટેડ નામની ખાનગી કંપનીની સ્થાપના તા. 1-7-2021ના રોજ કરી. તા. 31-3-2022ના રોજ પૂરા થતા વર્ષ માટે નોંધણી પહેલા અને નોંધણી પછીના નફા કે નુકસાનની ગણતરી કરો. 14

(1) વર્ષની કુલ ખરીદી ₹ 2,50,000 હતી જેમાંથી 20% રોકડ ખરીદી હતી અને નોંધણી પહેલાના સમયની ઉધાર ખરીદી ₹ 75,000 હતી.

(2) નોંધણી પહેલાના સમયનું વેચાણ, નોંધણી પછીના સમયના વેચાણ કરતાં 1/4 ભાગનું હતું.

(3) આવક અને ખર્ચાઓ નીચે મુજબ હતા :

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આવકમાલ ગાડીભાડું | 2,500 | કાચો નફો | 75,000 |
| જાવકમાલ ગાડીભાડું | 3,000 | માંડી વાળેલ પ્રાથમિક ખર્ચા | 600 |
| ઓફિસ ભાડું | 7,200 | પગાર | 3,500 |
| રોકાણો પર વ્યાજ | 1,200 | ધંધો વેચનારને વ્યાજ | 1,500 |
| ડિબેન્ચર પર વ્યાજ | 3,200 | આપેલ વટાવ | 2,500 |
| રોકાણ વેચાણ નફો | 500 | મળેલ વટાવ | 2,000 |
| ડિરેક્ટર ફી | 2,000 | શૅર ફેરબદલી ફી | 1,200 |

(4) ધંધો વેચનારને વ્યાજ તા. 1-10-2021ના રોજ ચૂકવેલ હતું.

(5) રોકાણો તા. 30મી મે 2021ના રોજ વેચેલ હતા.

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરો : 4

(1) ટેબલ 'A' મુજબ બાકી હપતા પર કંપની વધુમાં વધુ કેટલું વ્યાજ વસૂલી શકે ?

(અ) 12% (બ) 18%

(ક) 6% (ડ) 5%

(2) નોંધણી પહેલાના નફામાં ઘસારો ________ના આધારે ફાળવવામાં આવશે.

(અ) મિલકતની કિંમતના પ્રમાણમાં

(બ) નોંધણી પહેલાનો સમય

(ક) સમયના પ્રમાણમાં

(ડ) નોંધણી પછીનો સમય

(3) નીચેના પૈકીના કયા શૅરોનો બહાર પાડેલી અને ભરપાઈ થયેલી શૅરમૂડીમાં સમાવેશ કરવામાં આવે છે ?

(અ) જપ્ત થયેલ શૅર (બ) સ્વેટ ઈક્વિટી શૅર

(ક) ભાવિ ઈક્વિટી શૅર (ડ) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

(4) નોંધણી પહેલાના નફાનો યોગ્ય ઉપયોગ કરવા છતાં રકમ વધે તો ________ ખાતે લઈ જવાય છે.

(અ) મૂડી અનામત ખાતે (બ) નફા-નુકસાન ખાતે

(ક) રિઝર્વ ફંડ ખાતે (ડ) પાઘડી ખાતે

3 (અ) કિરણ બ્રધર્સની પેઢીનું તા. 31-3-2022ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે : 14

| મૂડી-દેવા | ₹ | મિલકત-લેણા | | ₹ |
|---|---|---|---|---|
| મૂડી : કિરણ | 2,88,000 | જમીન-મકાન | | 3,83,000 |
| દિપક | 2,12,000 | ફર્નિચર | | 2,25,000 |
| નફા-નુકસાન ખાતું | 10,000 | રોકાણો (બ.કિં. ₹ 40,000) | | 43,500 |
| ફર્નિચર પર ઘસારા ફંડ | 50,000 | માલસ્ટૉક | | 88,000 |
| ગીરો લોન | 1,75,000 | દેવાદારો | 40,000 | |
| લેણદારો | 25,000 | બાદ : ઘાલખાધ | 3,000 | |
| કર્મચારી બચતફંડ | 9,500 | | 37,000 | |
| અન્ય દેવાં | 10,500 | બાદ : ઘા. અનામત | 5,000 | 32,000 |
| | | બેંક સિલક | | 8,500 |
| | 7,80,000 | | | 7,80,000 |

પેઢીનો ચાલુ ધંધો ખરીદી લેવાના હેતુથી પ્રકાશ લિ.ની સ્થાપના કરવામાં આવી. ધંધો નીચેની શરતોએ ખરીદી લેવામાં આવ્યો :

(1) કંપનીની સત્તાવાર થાપણ ₹ 10નો એક એવા 55,000 ઈક્વિટી શૅરની રાખવી.

(2) ફર્નિચરની બજારકિંમત, ચોપડાકિંમત કરતા બમણી છે, જ્યારે સ્ટૉક 10% વધુ કિંમતે આંકવામાં આવેલ છે.

(3) દેવાદારો 10% ઘાલખાધ અનામતને આધિન લેવાના છે.

(4) પેઢીની મૂડી અનામતની કિંમત ₹ 23,500 ગણવાની છે.

(5) ખરીદ કિંમત પેટે 50,000 ઈક્વિટી શૅર 20% પ્રીમિયમે અને બાકીની રોકડ ચૂકવવાની છે.

(6) બાકીના શૅર જાહેર જનતા માટે ₹ 12 લેખે બહાર પાડવામાં આવ્યા જેના નાણાં મળી ગયા.

ઉપરોક્ત વ્યવહારો અંગે કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

(અ) (1) રાધા લિ. એ શ્યામ બ્રધર્સની પેઢીનો ધંધો ₹ 90,000ના દેવાદારો તથા ₹ 70,000ના લેણદારો સિવાય ખરીદી લે છે. કંપની વેચનાર વતીથી તેના દેવાદારોથી વસૂલ કરવાનું અને લેણદારોને ચૂકવી આપવાનું સ્વીકારે છે. કંપનીએ દેવાદારો પાસેથી 10% વટાવે ₹ 72,000 રોકડ વસૂલ કરી જ્યારે 80% લેણદારોને 10% વટાવે રકમ ચૂકવી આપી. કંપની દેવાદારો પાસેથી વસૂલ કરેલ રકમ ઉપર 10% લેખે અને લેણદારો પાસેથી મળેલ વટાવ ઉપર 40% લેખે કમિશન લેવા હક્કદાર છે. પેઢીની નીકળતી રકમ કંપનીએ ચૂકવી આપી. **10**

કંપનીના ચોપડે વેચનારના દેવાદારોનું ખાતું, વેચનારના લેણદારોનું ખાતું તથા વેચનારનું ઉપલક ખાતું તૈયાર કરો.

(2) ધંધાની ખરીદ કિંમત નક્કી કરવાની પદ્ધતિઓ સમજાવો. **4**

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરો : **3**

(1) જ્યારે ચોખ્ખી મિલકતો ધંધાના રૂપાંતરમાં ખરીદકિંમત કરતાં વધુ હોય તો તફાવત કયા ખાતે લઈ જવાય છે ?

(અ) નફા-નુકસાન ખાતે (બ) મૂડી અનામત ખાતે

(ક) સામાન્ય અનામત ખાતે (ડ) પાઘડી ખાતે

(2) ધંધાની ખરીદી વખતે, દેવાદારો પાસેથી કરેલ વસૂલાત અને લેણદારોને કરેલ ચૂકવણી પેટે મળેલ કમિશનનો ઉપયોગ _________.

(અ) નફા-નુકસાન ખાતાની ખોટ લખી વાળવા

(બ) પાઘડી માંડી વાળવા

(ક) દ્રશ્ય મિલકતો માંડી વાળવા

(ડ) કોઈ ઉપયોગ થાય નહિ

(3) જૂની ઘાલખાધ વસૂલ થાય ત્યારે તે કયા ખાતે જમા થશે ?

(અ) ધંધો વેચનારના દેવાદારો ખાતે

(બ) ઘાલખાધ પરત ખાતે

(ક) ધંધો વેચનારના ઉપલક ખાતે

(ડ) ધંધો વેચનારના લેણદારો ખાતે

4 (અ) રાકેશ લિ.નું તા. 31-3-2022ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે : 14

| ઉધારબાકી | ₹ | જમાબાકી | ₹ |
|---|---|---|---|
| રોકાણો | 46,000 | સામાન્ય અનામત | 30,000 |
| શરૂનો માલ સ્ટૉક | 10,500 | 10%ના ડિબેન્ચર્સ | 1,00,000 |
| દેવાદારો | 41,300 | લેણદારો | 5,800 |
| ખરીદી | 1,60,000 | દેવીહૂંડી | 2,900 |
| અગાઉથી ચુકવેલ કરવેરો | | મૂડી અનામત | 2,400 |
| (તા. 31-3-2021) | 55,000 | વેચાણ (10% વેચાણવેરા | |
| લેણીહૂંડી | 8,700 | સહિત) | 2,75,000 |
| પાઘડી | 10,500 | જાહેર થાપણો | 50,000 |
| કાયમી મિલકતો | 3,90,000 | ઈક્વિટી શેરમૂડી | |
| પગાર | 7,000 | (₹ 10નો એવા પૂર્ણ ભરપાઈ) | 2,19,500 |
| જાહેરાત ખર્ચ | 4,000 | ઘાલખાધ અનામત | 750 |
| ઓડિટ ફી | 1,800 | કરવેરાની જોગવાઈ | |
| ઘાલખાધ | 900 | (તા. 31-3-2021) | 62,500 |
| ઓફિસ ખર્ચા | 5,400 | શેરજપ્તી ખાતું | 1,900 |
| ડિબેન્ચર વ્યાજ | 5,000 | પ્રોવિડન્ટ ફંડ | 5,800 |
| પી.એફ.માં ફાળો | 2,400 | નફા-નુકસાન ખાતું | |
| પ્રાથમિક ખર્ચા | 5,000 | (તા. 1-4-2021) | 23,500 |
| રોકડ સિલક | 6,800 | પરચૂરણ આવક | 700 |
| ડિરેક્ટર ફી | 4,200 | જામીનગીરી પ્રીમિયમ | 3,750 |
| ચૂકવેલ વેચાણવેરો | 20,000 | | |
| | 7,84,500 | | 7,84,500 |

વધારાની માહિતી :

(1) તા. 31-3-2022ના રોજનો સ્ટૉક ₹ 60,000નો હતો. જે પૈકી 25% માલની બજારકિંમત 20% વધુ છે જ્યારે 20% માલની બજારકિંમત 10% ઓછી છે.

(2) વર્ષ 2020-21ની આવકવેરાની આકારણી વર્ષ દરમ્યાન પૂરી થયેલ છે અને તે અંગેની જવાબદારી ₹ 60,000 નક્કી થયેલ છે તથા ચાલુ વર્ષની કરવેરાની જોગવાઈ ₹ 25,000 કરો.

(3) સામાન્ય અનામત ખાતે ₹ 50,000 લઈ જવાના છે.

(4) કાયમી મિલકતો પર 10% ઘસારાની જોગવાઈ કરો.

(5) પ્રાથમિક ખર્ચ પાંચ સરખા હપતામાં માંડી વાળવાના છે.

ઉપરની માહિતી પરથી કંપનીધારા 2013 અનુસાર વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**અથવા**

(અ) (1) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3ના ભાગ-1 મુજબ પાકા સરવૈયાનો નમૂનો તૈયાર કરો. 7

(2) કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ અંગેની જોગવાઈઓ જણાવો. 7

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરો : 4

(1) નીચેનામાંથી કઈ વિગત કંપની માટે 'દ્રશ્ય મિલકત' નથી ?

(અ) વાહનો (બ) ફર્નિચર

(ક) ભાડા પટ્ટાની મિલકત (ડ) કમ્પ્યૂટર સોફ્ટવેર

(2) કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ __________ પર ગણવામાં આવે છે.

(અ) સૂચિત ડિવિડન્ડ (બ) આવકવેરાનો પ્રાવધાન

(ક) કરવેરા પછીના નફા પર (ડ) કરવેરા પહેલાના નફા પર

(3) કંપનીધારા અનુસાર કંપનીએ ડિવિડન્ડ જાહેર કર્યા પછી કેટલા દિવસમાં ચૂકવી આપવું જોઈએ ?

(અ) 21 દિવસોમાં (બ) 30 દિવસોમાં

(ક) 45 દિવસોમાં (ડ) 7 દિવસોમાં

(4) નીચેના પૈકી કયો ખર્ચ કર્મચારી કલ્યાણ અંગેનો ખર્ચ ગણાય છે ?

(અ) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો (બ) પગાર અને બૉનસ

(ક) ડિરેક્ટરોનું મહેનતાણું (ડ) ઉપરોક્ત તમામ

**MBO-5287** Seat No.________

# B. Com. (Sem. I) Examination

**January – 2023**

## Secretarial Practice : SE–101 D

*(Secretarial Practice - I) (New / Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** જમણી બાજુના આંકડાઓ પ્રશ્નનાં ગુણ દર્શાવે છે.

1 (અ) કાયદાનો અર્થ આપી તેનું મહત્ત્વ સમજાવો. **7**

1 (બ) લીગલ મેક્સીમ્સ એટલે શું ? ટૂંકમાં સમજાવો. **7**

**અથવા**

1 (અ) કાયદાના ઉદ્ભવસ્થાનો સમજાવો. **7**

1 (બ) ચુકાદાનો ઉલ્લેખ કરવાની પદ્ધતિ (Citation of Cases) સમજાવો. **7**

1 (ક) નીચે જણાવેલ બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો : **4**

(1) સામંડે કાયદાની વ્યાખ્યામાં કયા તત્ત્વનો સમાવેશ કર્યો છે ?

(a) ન્યાય (b) મિલકત

(c) માનવ વર્તન (d) દેવું

(2) કોના મતે ''કાયદો એ જનસમાજની વ્યવસ્થિત સામાન્ય બુદ્ધિ.''

(a) સામંડ (b) એરિસ્ટોટલ

(c) લોર્ટ મૌલ્ટન (d) એક પણ નહીં

(3) કાયદો એ સમાજનું ______ છે ?

(a) સાધન (b) સાધ્ય

(c) a અને b બન્ને (d) એક પણ નહીં

(3) ન્યાયના કેટલા પ્રકાર છે ?

(a) એક (b) બે

(c) ત્રણ (d) ચાર

2 કંપનીના પ્રકાર સવિસ્તર સમજાવો : 14

**અથવા**

2 (અ) કંપનીનો અર્થ આપી તેના લક્ષણો જણાવો. 7

2 (બ) ખાનગી કંપની અને જાહેર કંપનીનો તફાવત લખો. 7

2 (ક) નીચે જણાવેલ બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો : 3

(1) કંપનીની મિલકતો પર કોનો અધિકાર હોય છે ?

(a) શેર હોલ્ડરો (b) સંચાલકો

(c) પ્રવર્તકો (d) એક પણ નહીં

(2) કંપની એ કેવું વ્યક્તિત્વ ધરાવે છે ?

(a) કુદરતી (b) કૃત્રિમ

(c) આંતરરાષ્ટ્રીય (d) એક પણ નહીં

(3) કઈ કંપનીએ પોતાના નામના અંતે 'લિમિટેડ' શબ્દ લખવો જરૂરી છે ?

(a) ખાનગી કંપની (b) ગૌણ કંપની

(c) સનદી કંપની (d) જાહેર કંપની

3 કંપનીની સ્થાપના વિધિ વિસ્તારથી સમજાવો. 14

**અથવા**

3 (અ) તફાવત લખો : આવેદન પત્ર અને નિયમન પત્ર. 7

3 (બ) ધંધો શરૂ કરવાના પ્રમાણપત્ર ઉપર નોંધ લખો. 7

3 (ક) નીચે જણાવેલ બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો : 4

(1) કંપનીની સ્થાપના વિધિને કેટલા તબક્કાઓમાં વહેંચી શકાય ?

(a) એક (b) બે

(c) ત્રણ (d) ચાર

(2) કઈ કંપની નોંધણીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ધંધો શરૂ કરી શકે છે ?

(a) જાહેર કંપની (b) ખાનગી કંપની

(c) ઉપરોક્ત બંને (d) એક પણ નહીં

(3) કઈ કંપનીએ ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવવું પડે છે ?

(a) જાહેર કંપની (b) ખાનગી કંપની

(c) ઉપરોક્ત બંને (d) એક પણ નહીં

(4) સ્વતંત્રતા મળ્યા બાદ ભારતમાં ક્યારે કંપનીધારો અમલમાં આવ્યો ?

(a) 1950 (b) 1956

(c) 1966 (d) 1976

4 આવેદનપત્રનો અર્થ સમજાવી તેમાં સમાવવામાં આવતી કલમોની વિગતે ચર્ચા કરો. 14

**અથવા**

4 (અ) આવેદનપત્રની ધ્યેયની કલમો સમજાવો. 7

4 (બ) આવેદનપત્રનું મહત્ત્વ સમજાવો. 7

4 (ક) નીચે જણાવેલ બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો : 3

(1) કંપનીનું બંધારણ દર્શાવતો પાયાનો દસ્તાવેજ એટલે.....

(a) આવેદનપત્ર (b) નિયમનપત્ર

(c) વિજ્ઞાપનપત્ર (d) ટેબલ-A

(2) આવેદનપત્ર એ કંપનીનો કેવો દસ્તાવેજ છે ?

(a) ફરજ દસ્તાવેજ (b) ગૌણ દસ્તાવેજ

(c) મુખ્ય દસ્તાવેજ (d) વધારાનો દસ્તાવેજ

(3) આવેદનપત્રમાં કઈ કલમનો સમાવેશ થાય છે ?

(a) મૂડીની કલમ (b) ધ્યેયની કલમ

(c) જવાબદારીની કલમ (d) ઉપરોક્ત બધા જ